# સાયબર ચીટરે ચરેડીના રીક્ષાચાલકને પાયમાલ કર્યો

## રીક્ષા ચલાવી ચલાવીને પાંચ વર્ષે ભેગા કરેલા રૂ. ૭૧ હજાર, ડ્રાઈવરના બેંક ખાતામાંથી બે મીનીટમાં ખંખેરી લીધા : એટીએમ મેનેજરના નામે વધુ એક છેતરપીંડી : પરસેવાની કમાણી એક નાની ભુલથી જતી રહેતા ડ્રાઈવર રાતા પાણીએ રડયો

ગાંધીનગર, તા.૧૧

સાયબર ચીટરોનો આતંક વધી રહ્યો છે. બેકીંગ ક્ષેત્રમાં ઓછુ જ્ઞાન ધરાવતા બેંક ખાતેદારોને ટાર્ગેટ બનાવીને એટીએમ બંધ થઈ જશે તેવી ચીમકી આપીને એટીએમ નંબર તથા ઓટીપી કોડ લઈને ખાતામાંથી રૂપિયા ઉપાડી લેવામાં આવે છે. આ તત્વો સામે પોલીસ પણ લાચાર હોય તેવું લાગી રહ્યું છે. કેમ કે ૮૦ ટકા પોલીસને પણ આ ક્ષેત્રમાં સ્હેજ પણ જ્ઞાન નથી. તાજેતરમાં જ એક પોલીસ પુત્ર સાથે આવી રીતે ચીટીંગ થયાનો કિસ્સો બન્યો હતો. ત્યારબાદ બીજો કિસ્સો ધ્યાને આવ્યો છે. ચરેડી છાપરામાં રહેતા રીક્ષા ડ્રાઈવરે રીક્ષા ચલાવી ચલાવીને રૂપિયા ભેગા કરી પરસેવાની કમાણીના ભેગા કરેલા ૭૧ હજાર રૂપિયા બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. એટીએમ મેનેજરના નામે કોલ કરનાર શખ્સને તેમની એટીએમની વિગતો આપી દેવાની નાનકડી ભુલને કારણે આ પાંચ વર્ષની કમાણી બેંક ખાતામાંથી ગાયબ થઈ ગઈ છે. છેતરપીંડી અંગે રીક્ષા ડ્રાઈવરે સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપી છે.

ચરેડી છાપરામાં રહેતા અને વર્ષોથી રીક્ષા ચલાવી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા રીક્ષા ડ્રાઈવર જેરામ શીવરામ તોગડેને સાયબર ચીટરે પોતાની જાળમાં ફસાવીને તેણે એકઠી કરેલી મુડી બેંક ખાતામાંથી ઉપાડી લઈ પાયમાલ કરી નાખતા રાતા પાણીએ રડી રહ્યો છે. જેરામ તોગડેને તેના મોબાઈલ પર બીજી તારીખે એટીએમ મેનેજરના નામે ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તમારું એટીએમ બંધ થઈ જવાનું છે. ચાલુ રાખવું હોય તો એટીએમ સંબંધિત માહિતી આપો. એમ કહી એટીએમ નંબર અને પીન કોડ નંબર માંગી લઈ સાયબર ચીટરે રીક્ષાચાલકને ભોળવીને તેને ચુનો લગાડી દીધો હતો. રૂ. ૭૧,૦૪૩ બેંક ખાતામાંથી ઉપાડી લઈ છેતરપીંડી કરી હોવાની ફરિયાદ રીક્ષા ચાલકે સે-૨૧ પોલીસ મથકે આપતા પીઆઈ મીની જોષેફે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.




પુસ્તક મેળો : ગાંધીનગરની પ્રતિષ્ઠિત લાયબ્રેરી વિદ્યા લાયબ્રેરી ખાતે યોજાયેલ પુસ્તક મેળાને પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો. શાળા - કૉલેજના પુસ્તકો ઉપરાંત અવનવી માહિતીસભર પુસ્તકો ખરીદવા યુવાનો મોટી સંખ્યામાં મેળામાં ઉમટ્યા હતા. પ્રતિવર્ષ વિદ્યા લાયબ્રેરી દ્વારા યોજાતો પુસ્તક મેળો શહેરના શિક્ષણજગતમાં લોકપ્રિય છે.

# બાયડમાં ધોળે દહાડે ૩૭ લાખની લૂંટ

બાયડ, તા. ૧૧

અરવલ્લી જિલ્લામાં દિન પ્રતિનિદ પાકિસ્તાનના લાહોર જેવી હાલત થવા માંડી છે. કાયદો વ્યવસ્થા ખાડે ગઈ છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી જિલ્લામાં આગામી ચાર-પાંચ દિવસોમાં આવનાર છે. ત્યારે જિલ્લાના બાયડ ખાતે ધોળા દહાડે ભરબજારમાં ૩૭ લાખ રૂપિયા ચોરી થતા પ્રજાનો પોલીસ ઉપર ભરોસો ઉઠી ગયો છે.

બાયડ નગરમાં તાલુકા પંચાયત સામે ૧૧-૭-૧૬ના રોજ ૨.૩૦ કલાકના સુમારે રેડીયટ કેશ મેનેજમેન્ટ કંપનીના અરવલ્લી જિલ્લાના સી.ઓ. ફકીર મહંમદહુસૈન શાહ ફકીર (રહે. મોડાસા, ઉં.વ.૫૦) તેઓ રોજબરોજ એલઆઈસી, ફુલ્લીટોન ગ્રામશક્તિ ફાયનાન્સ અને બીયુઆઈ આઈસીની કેશ બેંકમાં જમા કરાવવાની અને લઈ જવાની કામગીરી રેડીયર કેશ મેનેજમેન્ટ દ્વારા સોંપવામાં આવી હતી અને તેઓ મોડાસા ખાતેથી બાયડ બસ સ્ટેન્ડમાં બસમાંથી ઉતરીને બસ સ્ટેન્ડ બહારથી રીક્ષા કરીને એલઆઈસી બીયુઆઈઆઈસીની કેશ લઈને ફુલ્ટીટોન ગ્રામ શકિતમાંથી કેશ લઈ રોડ ઉપર રીક્ષાની રાહ જોતા ઉભા રહ્યા હતા તે સમયે તાલુકા પંચાયત તરફથી એક યુવક મોં ઉપર હાથરૂમાલ બાંધીને ૩૭ લાખ રૂપિયા ભરેલ થેલો ફકીર મહંમદહુસૈન ફકીરના આંખમાં મરચુ નાંખી હાથમાંથી થેલો ખુંચવી બીજો યુવકની બાઈક ઉપર લૂંટારૂઓ રફુચક્કર થઈ ગયા હતા.

બાયડ પોલીસ સ્ટેશનથી ૫૦૦ મીટરના અંતરે વારેણા રોડ ઉપર વારેણા દૂધ મંડળીના સેક્રેટરીના ૩.૮૦ લાખ રૂપિયા ભરેલ થેલો લૂંટારૂઓ લૂંટ કરી ગયા છે તે ભેદ ઉકેલાયો નથી તે છતાં આજે ફરી ૩૭ લાખ રૂપીયાની લૂંટ થતાં પ્રજાજનોમાં લૂંટારાઓની દહેશત જોવા મળી રહી છે.

બાયડ પીએસઆઈ જાડેજાએ ચાર્જ સંભાળતાની સાથે અનેક પ્રકારના લૂંટના બનાવો દિન-પ્રતિદિન વધતા જાય છે તેમ છતાં પોલીસ માત્ર તપાસને નામે મીંડુ કરીને બેઠી છે.

લુંટ થતાની સાથે ફકીર મહંમદહુસૈન ફકીરે જણાવ્યું હતું કે મારા થેલોમા ૪૩ લાખથી વધુ રકમ છે. પણ ડિએસપી સાથે નિવેદનમાં ફકીરે ૩૭ લાખ એફઆઈઆર નોંધાવતા અનેક રહસ્ય ઉભા થયા છે.

# આજે સિવિલમાંથી પકડાયેલા તમાકુના જથ્થાનો નાશ કરાશે

## આઠ માળની ઈમારતમાં આવતા મુલાકાતીઓ પાસેથી ચેકીંગ દરમ્યાન બીડી, સીગરેટ, મસાલા તેમજ તમાકુ ઝપ્ત કરવામાં આવે છે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલને વ્યસન મુકત બનાવવા માટે છેલ્લા બે માસથી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.સિવિલ સંકુલમાં આઠ માળની ઈમારતમાં દર્દીની ખબર-અંતર પુછવા માટે આવતા મુલાકાતીઓનું સિકયુરીટી દ્વારા ચેંકીગ કરવામાં આવે છે. જેમાં મુલાકાતીઓ પાસેથી ગુટખા, મસાલા, પાન-મસાલા, તમાકું, બીડી, સીગરેટ જેવી વિવિધ ધ્રુમપાનની સામગ્રી મળી આવી છે. આ સામગ્રીના જથ્થો અંદાજે ૧૫ કિલોથી વધુ થવા પામે છે. હોસ્પિટલના સત્તાધિશોની હાજરીમાં તા.૧૨ જુલાઈના રોજ સવારે આ જથ્થાનો નાશ કરવામાં આવશે.

ગાંધીનગર શહેર અને જિલ્લાં તમાકુ વિરોધી અભિયાનના તંત્ર દ્વારા શ્રી ગણેશ કરી દેવામાં આવ્યા છે. તમાકુ ધારાની વિવિધ કલમો હેઠળ તંત્રની ટીમો દ્વારા દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરમાં તમાકુ સામેનો જંગ આગામી સમયમાં વધુ મજબુત કરવામાં આવશે. આજની યુવા પેઢી ધ્રુમપાન કરી પોતાની જીંદગી બરબાદ કરી રહ્યા છે.ત્યારે ગાંધીનગર સિવિલ સંકુલને પણ તમાકુ મુકત કરવા તંત્ર એ કમર કસી છે. છેલ્લા બે મહિનાથી પ્રાથમિક તબબકે હોસ્પિટલની નવી ઈમારતમાં આવતા દર્દી તેમજ સગાઓ તમાકુના બંધાણી હોય છે. જેથી નવી ઈમારતના પ્રવેશદ્વાર પર જેન્ટસ અને લેડીઝ સિકયુરીટી દ્વારા સઘન ચેંકીગ ઝુંબેશ હાથ ધરાઈ હતી. આ ટુંકા ગાળામાં હોસ્પિટલમાં આવતા સ્નેહીજનો પાસેથી વિવિધ પ્રકારની ગુટખા, મસાલા, પાન મસાલા, તમાકુ, બીડી, સીગરેટ સહિતની સામગ્રી મળી આવી છે. આ સામગ્રીનો અધિકારીઓની હાજરીમાં નાશ કરવામાં આવનાર છે. જયારે આગામી સમયમાં હોસ્પિટલમાં તમામ સ્થળોએ ધ્રુમપાન નિષેધના બોર્ડ મુકવામાં આવનાર છે. હોસ્પિટલમાં તમાકુ વિરોધી અભિયાન વધુ તેજ બનાવી સંકુલને તમાકુ મુકત બનાવવા તંત્રએ કમર કસી છે.

# જિલ્લામાં ૨૮૭ ગ્રામ સમિતિની પીવાના પાણીની યોજના પૈકી ૨૭૪ યોજનાઓ પૂર્ણ

## જિલ્લા કલેકટર સતીશ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલલામાં કુલ - ૨૮૭ ગ્રામ સમિતિઓની યોજનાઓને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા વહીવટી મંજુરી આપવામાં આવી છે. જેની અંદાજીત રકમ રૂ. ૪૧૭૧ લાખ છે. જે પૈકી ૨૭૪ યોજનાઓ પૂર્ણ થયેલ છે.

જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલેના અધ્યક્ષસ્થાને યોજાયેલ ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં જિલ્લામાં લોકભાગીદારીના અભિગમ સાથે પીવાના પાણીના કામો અને વાસ્મો દ્વારા જિલલાના ગામોમાં લોકો નર્મદાના પાણીનો જ પીવા માટે ઉપયોગ કરે તેવું આયોજન કરવા જણાવ્યું હતું. ગાંધીનગર જિલ્લામાં એનઆરડીડબલ્યુપી પોગ્રામ હેઠળ માણસાના ૬૨, કલોલ- ૭૦, ગાંધીનગર- ૭૧ અને દહેગામ તાલુકાના ૯૧ મળી કુલ- ૨૯૫ ગામોમાં ૨૮૭ પીવાના પાણીના વિકાસ કામો પૈકી ૨૭૪ કામો પૂર્ણ થયેલ છે. ૧૦ કામો પ્રગતિમાં છે. જે છ માસમાં પૂર્ણ કરાશે. વાસ્મો દ્વારા પીવાના પાણીના ૧૩ જેટલા વીકાસકામો માટે દહેગામ તાલુકાના નાંદોલ, મોટી પશુણીયા, સલકી કલોલ તાલુકાના પિયજ રાજનગર (સાંતેજ), મુબારક પુરા માણસા તાલુકાના આંનદપુરા (અંબોડ), સોનારડા, આલમપુર ગામોંમાં હાથ ધરાનાર પાણીની ટાંકી, પાઈપલાઈન, ભૂગર્ભ સંપ જેવા વિકાસકામો માટે કુલ- રૂ. ૯૮,૨૧,૦૩૩ ની ફાળવણી કરવામાં આવી હતી. જયારે ૧૦ ટકા લોકફાળો ભરવાની શરતે ગાંધીનગરના વલાદ ગામે રૂ. ૨૨ લાખ અને કલોલના મોરારજીનગર (સઈજ) ગામે રૂ. ૨૧ લાખ અને કલોલના બાલવા ગામ માટે રૂ. ૨૬.૩૫ લાખના પીવાના પાણીના વિકાસકામો માટે વાસ્મોની વડી કચેરીએથી મંજુરી મળ્યે અને ૧૦ ટકા લોકફાળો ભરવાની શરતે મળ્યાબાદ વિકાસકામો વહીવટી મંજૂરી આપવાની પ્રક્રિયા હાથ ધરાશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયશ્રીબેન દેવાંગણ, નિવાસી અધિક કલેકટર શ્રી વી.જી.કાલરિયા સહિત વાસ્મો અને પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### હડતાલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન દ્વારા આપવામાં આળેલી બે દિવસની હડતાળના એલાનને ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ એસોસિએશન અને સ્ટેટ સેક્ટર બેંક એમ્પ્લોઈઝ એસોસિએશને પણ ટેકો જાહેર કર્યો છે. જાહેરાત મુજબ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ તેની પાંચ સહયોગી બેંકોમાં ૧૨મી જુલાઈના રોજ હડતાળ રહેશે જ્યારે અન્ય સાર્વજનિક સેક્ટરની બેંકોમાં ૧૩મી જુલાઈના રોજ હડતાળ રહેશે.

### સમીક્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે તેમણે સંઘર્ષમાં માર્યા ગયેલા લોકોને સહાનુભુતિમાં શોક પણ વ્યક્ત કર્યો છે. ઓમરે ગઈકાલે કહ્યું હતું કે, તેમનો પક્ષ કાશ્મીરમાં શાંતિ સ્થાપવા માટે તમામ પ્રકારનો સહયોગ કરવા તૈયાર છે પરંતુ આ માટે મુખ્યમંત્રી મહેબુબાએ તેનું નેતૃત્વ લેવું જોઈએ. સુત્રો તરફથી મળેલી માહિતી મુજબ ગૃહમંત્રી અત્યાર સુધીમાં મહેબુબા સાથે બે વખત વાતચીત કરી ચુક્યા છે. આ વાતચીતમાં તેમણે કાશ્મીરમાં શાંતિ સ્થાપવા માટે કેન્દ્ર તરફથી તમામ પ્રકારની સહાયતાની ખાતરી આપી છે. ગૃહમંત્રીએ સ્થિતિની સમીક્ષા કરવા માટે અધિકારીઓને રાજ્યમાં જરૂરી કાર્યવાહી કરવાના નિર્દેશો કર્યા છે. વાનીના મોત બાદ ઘાટીમાં કર્ફ્યુની પરિસ્થિતિ અને અલગાવવાદીઓ દ્વારા આપવામાં આવેલા એલાનના કારણે છેલ્લા ત્રણ દિવસથી પરિસ્થિતિ તનાવગ્રસ્ત છે. ઉપરાંત પ્રદર્શનોને કાબૂમાં રાખવા માટે સુરક્ષા દળોને વધુ સતર્ક કરવામાં આવ્યા છે તો ઘાટીમાં મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ છે.

### વિવાદ ઉઠ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ સ્વીચ ઓફ કરી દીધા હતા જેથી પંચાયતની કોઈ વાત સાંભળવાનો જ મુદ્દો ઉપસ્થિત ના થાય.

પંચાયતમાં હાલ કોંગ્રેસ સત્તા પર હોવાથી આ તારફેન્સીંગનો અમલ પણ રજાના દિવસે જ લેવામાં આવ્યો હોવાથી પંચાયતમાં આ મુદ્દે ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. આજે પાર્કિંગ ખુબ દૂર દૂર સુધી કરીને આવવુ પડતુ હતુ.

### રોષ ભભૂક્યો...

● ત્રીજા પાનાનું ચાલુ

નથી. સરકારની આ પ્રકારની રાજનીતિ અયોગ્ય હોવાની લાગણી પંચાયતના સભ્યો વ્યક્ત કરી રહ્યા છે.

જિલ્લામાં આયોજન મંડળે આ વખતે રૂ. ૧૪.૫૦ લાખનું ઓછુ આયોજન મંજૂર કર્યુ અને હવે જિલ્લાકક્ષાના કામોમાં પણ રાજકીય રૂકાવટ ઉભી કરી વિકાસના કામો ઠપ્પ કરવાની સરકારની નીતિ દ્વેષભાવપૂર્ણ હોવાનું પંચાયતના સભ્યોએ જણાવ્યું છે.

### હરિયાળો બનાવવા...

● ત્રીજા પાનાનું ચાલુ

બાળકોને ભણતર ઉપરાંત તેનામાં વૃક્ષપ્રેમ વધે તે માટે વૃક્ષના જતનની વિશેષ જવાબદારી તેને સોંપવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે બાળકોને વૃક્ષારોપણ માટે ૮ ફળાઉ ઝાડ અને ૧૫ જેટલા અન્ય વૃક્ષોમાંથી પસંદગી કરવાની રહેશે અને તે પ્રમાણેના રોપાઓ જે તે ગામની દૂધ મંડળી દ્વારા પુરા પાડવામાં આવશે.

ગાંધીનગરનો ગ્રીન સીટીનો દરજ્જો પણ છીનવાઈ ગયો છે ત્યારે વન વિભાગે હવે શિક્ષણ વિભાગ અને સહકારી સંસ્થાઓ સાથે સંકલનમાં રહી હરિયાળા ગાંધીનગરના નિર્માણ માટેની આ નવી વ્યુહરચના તૈયાર કરી છે.

બાળક આ વૃક્ષ ગામમાં કે શાળામાં તેની પસંદગીની જગ્યાએ વાવી શકશે પણ તેના સંપૂર્ણ જતનની જવાબદારી તેની રહેશે. વન વિભાગ દ્વારા સામાજિક વનીકરણ, વન મહોત્સવ સહિતના વિવિધ કાર્યક્રમો દ્વારા હરિયાળી નિર્માણમાં મળેલી નિષ્ફળતાઓને છતી થતી અટકાવવા હવે આ નવી વ્યુહરચના તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

# રમતગમત ક્ષેત્રે રસ ધરાવતી મહિલાઓને મહિલા કોચ અને ટ્રેનરની તાલીમ સાથે આર્થિક સહાય પણ અપાશે

રાજય સરકારે મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય આપીને મહિલાઓને આર્થિક રીતે પગભર કરવા અનેકવિધ પ્રાયસો હાથ ધર્યા છે. જેના ભાગ રૂપે રમતગમત ક્ષેત્રે પણ મહિલાઓ પોતાનું યોગદાન આપે તે માટે રસ ધરાવતી મહિલાઓને મહિલા કોચ તથા ટ્રેનરની તાલીમ આપવાનું નક્કી કરાયું છે. તેઓને આર્થિક સહાય પણ રાજ્ય સરકાર આપશે એમ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના મુખ્ય કોચની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયાનુસાર રમતગમત ક્ષેત્રે ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં મહિલાઓએ ખુબ સારી નામના મેળવી છે. પરંતુ કોચીઝ અને ટ્રેનર તરીકે નોકરી માટે સામાજિક કારણોસર મહિલાઓ આગળ આવતી નથી, જેના કારણે આ યોજના શરૂ કરાઈ છે.

રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા પી.જી. ડિપ્લોમાં ઈન સ્પોર્ટસ કોચીંગ, ડિપ્લોમાં ઈન સ્પોર્ટસ કોચીંગ, એમ.એસ.સી. ઈન સ્પોર્ટસ કોચીંગ, પી.જી. ડિપ્લોમાં ઈન સ્પોર્ટસ મેડીસીન જેવા વિવિધ કોર્સ માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગર, નેતાજી શુભાષ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્પોર્ટસ પટિયાલા તથા તેની તમામ શાખાઓ અને લક્ષ્મીબાઈ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન ગ્વાલીયર તથા તેની તમામ શાખાઓ માટે સહાય મંજૂર કરાશે. આ યોજનાના સંચાલન માટે સમિતિની રચના કરાઈ છે. જેના દ્વારા સહાયની રકમ અને લાભાર્થીઓના નામ નક્કી કરાશે. નિયમો અંગેની માહિતી તથા નિયત અરજી પત્રક www. sportsauthorityof gujarat. in પરથી ઉપલબ્ધ થઈ શકશે.

# આજે અમદાવાદ ખાતે સુંદરકાંડ પાઠ યોજાશે

સુંદરધામ પરિવાર દ્વારા તા. ૧૨મી જુલાઈને મંગળવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે યજમાન રાકેશભાઈ ભાવસારના નિવાસસ્થાન ૧૦૯/૧, ખુશાલભવન, ઠાકોરવાસ, પોસ્ટ ઓફિસ પાસે, નવરંગપુરા ગામ અમદાવાદ ખાતે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. સુંદરકાંડ સંગીતમય પાઠનું ભવ્ય આયોજન ગૌસ્વામી સંજયભારતીબાપુની વ્યાસપીઠે કરવામાં આવશે જેનો લાભ લેવા ભાવિક ભક્તોને જણાવાયું છે.

# આજે લાયન્સ કલબનો પર્સનાલીટી ડેવલપમેન્ટ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં લાયન્સ કલબ દ્વારા તા. ૧૨મી જુલાઈએ સવારે ૧૦ કલાકે સે. ૧૫ એલડીઆરપી કોલેજ ખાતે પર્સનાલીટી ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો લાભ લેવા માંગતા તમામને સમયસર કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત રહેવા લાયન્સ કલબ દ્વારા જણાવાયું છે.



# પ્રાંતિજમાં વિશ્વ વસતી દિનની ઉજવણી

પ્રાંતિજ ખાતે આવેલ શ્રી દશામાના મંદિરે વિશ્વ વસતી દિન અને સઘન ઝાડા નિયંત્રણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા સોમવારના રોજ વિશ્વ વસતી દિન અને સઘન ઝાડા નિયંત્રણ પખવાડિયાની ઉજવણી તાલુકા કક્ષાએ કરવામાં આવી હતી. જેમાં દરેક ગામ સંજીવની સમિતિના પ્રમુખો ગામ સંજીવની સમિતિમાં સક્રિય ભૂમિકા નિભાવતી આશા બહેનોની સંયુક્ત પણે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, ડૉ. આર.જી. શ્રીમાળી, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયક, તાલુકા અધ્યક્ષ બેચરજી, ડૉ. સોલંકી, નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ સહિત ડૉક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કુટુંબ નિયોજન, કુટુંબ કલ્યાણ, સગર્ભા મહિલા, પ્રસુતિ બાદ તથા ૦ થી ૫ વર્ષના બાળકને ઝાડા નિયંત્રણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી અને ઉપસ્થિત ડૉક્ટરો દ્વારા માહિતી પુરી પાડવામાં આવી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જી.વાય. પટેલ ડૉ. નિશાંત શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ